# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**મહાનગર સેવા સદન**

**જાહેરખબર ક્રમાંક : ૦૬/૨૦૧૫-૧૬**

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સંચાલિત શેઠ વા.સા.જનરલ હોસ્પિટલ, શ્રીમતિ શા.ચી.લા. હોસ્પિટલ તથા શેઠ એલ.જી. હોસ્પિટલ ખાતે સ્ટાફ નર્સની ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા તમામ જાતિના ઉમેદવારો પાસેથી તા.૨૫/૦૮/૨૦૧૫ના રોજ સાંજના ૦૫:૩૦ કલાક સુધીમાં મળે તે રીતે ફક્ત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | સહાયક સ્ટાફ નર્સ |
|---|---|
| પગાર ગ્રેડ | નિમણુંકના પ્રથમ વર્ષે ₹૫૨૦૦/-, બીજા વર્ષે ₹૬૬૦૦/- તથા ત્રીજા વર્ષે ₹૮૦૦૦/-નું ફીક્સ વેતન અને ત્યારબાદ કામગીરીના મુલ્યાંકનને ધ્યાને લઇ ₹૫૨૦૦/૨૦૨૦૦ (ગ્રેડ પે ૨૮૦૦, પી.બી.-૧) + નિયમ મુજબ મળી શકતા અન્ય ભથ્થા |
| લાયકાત | ૧. ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલની માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી બી.એસ.સી.(નર્સિંગ)ની ડીગ્રી ધરાવતા હોવા જોઇએ.<br>અથવા<br>જનરલ નર્સિંગ અને મીડવાઇફરીનો ડિપ્લોમા ધરાવનાર.<br>અથવા<br>મીડવાઇફરીનો ટુંકાગાળાનો કોર્સ કરેલો હોવો જોઇએ.<br>૨. કોમ્પ્યુટરની ક્વોલીફાઇડ પરીક્ષા પાસ કરી કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.<br>૩. અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી લખતા, વાંચતા, બોલતા આવડવું જોઇએ. |
| ઉંમર | ૨૮ વર્ષથી વધુ નહી, સિવાય કે અ.મ્યુ.કો.ની નોકરીમાં ચાલુ હોય. |

**-: ઉપરોક્ત જગ્યા માટે ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે ધ્યાને લેવાની અગત્યની સુચનાઓ :-**

૧. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માંગે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે. ચકાસણી દરમ્યાન ઓનલાઇન અરજી ફોર્મમાં ભરેલ વિગતો તથા પુરાવામાં ફેરફાર અથવા તફાવત જણાશે તો ઉમેદવારી રદ્દબાતલ ગણવામાં આવશે.

૨. કોઇપણ ઉમેદવાર જો એક કરતાં વધુ અરજી કરશે તો તેઓની અરજી / અરજીઓ રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે.

૩. ઉંમર અને લાયકાત ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.

૪. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં દર્શાવેલ જાતિ તેમજ અન્ય વિગતોમાં પાછળથી કોઇપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવાશે નહી.

૫. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય તેવા ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહી.

૬. સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઇ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. જેની નોંધ લેવી. ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે અ.મ્યુ.કો.ની વેબસાઇટ ahmedabadcity.gov.in જોતા રહેવા વિનંતિ છે. જે ઉપરથી જ લેખિત પરીક્ષા / ઇન્ટરવ્યુ અંગેના કોલ લેટર ડાઉનલોડ કરવાના રહેશે.

૭. સક્ષમ સત્તા દ્વારા નિર્ણય થયેથી માન્ય ગણવામાં આવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોને જ લેખિત પરીક્ષામાં બોલાવવામાં આવશે.

૮. મૂળ ગુજરાતના હોય તેવા અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે. ગુજરાત રાજ્ય સિવાયના અન્ય રાજ્ય દ્વારા ઇસ્યુ કરેલ ઉપરોક્ત જાતિના સર્ટી.ને આધારે અનામત અંગેનો કોઇ પણ લાભ મળવાપાત્ર રહેશે નહી.

૯. નિયમાનુસાર મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છુટછાટ આપવામાં આવશે.

૧૦. નિયમાનુસાર વિકલાંગ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં દસ (૧૦) વર્ષની છુટછાટ આપવામાં આવશે.

૧૧. ઉમેદવારે ૪૦% કે તેથી વધુ શારીરિક ખોડખાંપણ ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટી. રજૂ કરેલ હશે તો જ તેવા ઉમેદવારને વિકલાંગ ઉમેદવાર (પી.એચ.) તરીકે ઉપલી વયમર્યાદામાં અને અનામતનો લાભ મળવાપાત્ર થશે.

૧૨. મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારે અનામત જગ્યા ઉપર કે બિનઅનામત જગ્યા ઉપર અરજી કરવાની છે કે કેમ ? તે ઓનલાઇન અરજી ફોર્મમાં સ્પષ્ટ જણાવવાનું રહેશે અને મૂળ ગુજરાતના અનામત જાતિના ઉમેદવારો બિનઅનામત જગ્યા ઉપર અરજી કરશે તો આવા ઉમેદવારોને બિનઅનામત જગ્યા ઉપર ઉમેદવારોને લાગુ પડતા ધારા-ધોરણો લાગુ પડશે. વયમર્યાદામાં છુટછાટનો લાભ મળશે નહિ.

૧૩. ઉમેદવારે ઓનલાઇન અરજીમાં જે જાતિ (કેટેગરી) દર્શાવેલ હશે તેમાં પાછળથી કેટેગરી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

૧૪. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ – (ક) તા.૩૧/૦૩/૨૦૧૫ના રોજ પુરા થયેલ નાણાકીય વર્ષની આવકને ધ્યાને લઇને આપવામાં આવ્યુ હોય તેવું એટલે કે તા.૦૧/૦૪/૨૦૧૫થી અરજી કરવાની છેલ્લી તા.૨૫/૦૮/૨૦૧૫ દરમ્યાન ઇસ્યુ થયેલ હોય તે પ્રમાણપત્રનો નંબર તથા તારીખ ઓનલાઇન અરજી ફોર્મમાં દર્શાવવાનો રહેશે તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર યોગ્ય સત્તાધિકારીએ આપેલું હોવું જોઇએ. પરિશિષ્ટ – (ક) ને સ્થાને અંગ્રેજીમાં આપેલું Annexure – A નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહી. પરિણિત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકને આધારે રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકને આધારે આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેઓને અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહી.

૧૫. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલહોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજૂ કરવાનું રહેશે.

૧૬. મહિલા ઉમેદવાર જો તેમના પિતાને બદલે પતિના નામે અરજી કરવા માંગતા હોય તો તેમણે લગ્ન રજીસ્ટ્રેશનની નકલ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ફરજીયાતપણે રજૂ કરવાની રહેશે.

૧૭. ઉમેદવારોએ લેખિત પરીક્ષા / ઇન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.

૧૮. પસંદગીના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટાફ સિલેક્શન કમિટિ પાસે અબાધિત રહેશે અને આ કમિટિનો નિર્ણય આખરી ગણાશે.

૧૯. પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.

૨૦. ઉમેદવારે ઓનલાઇન અરજીમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ્દ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ્દ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે

નિમણુંક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલૂમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ્દ કરવામાં આવશે.

૨૧. સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટિના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.

૨૨. આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ્દ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૨૩. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ગ – ૩ અને વર્ગ – ૪ના તમામ સંવર્ગોની જગ્યાઓ પર સીધી ભરતીથી નિમણુંકો ફીક્સ પગારના સહાયક અજમાયશી તરીકે કરવાનો અમલ રાજ્ય સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : ખરચ / ૨૦૦૨ / ૫૭ / ઝ.૧ તા.૧૬/૦૨/૨૦૦૬ની યોજનાની જોગવાઇઓને ધ્યાને લઇ સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ નં. ૩૧૮ તા.૦૯/૦૬/૨૦૦૬ તથા મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નં. ૨૧૩ તા.૨૩/૦૬/૨૦૦૬ અને સ્ટેન્ડીંગ કમિટિ ઠરાવ નં. ૧૨૬૫ તા.૦૭/૧૦/૨૦૧૧ તથા મ્યુનિસિપલ બોર્ડ ઠરાવ નં. ૧૭૬૧ તા.૨૫/૧૧/૨૦૧૧થી મળેલ મંજૂરી મુજબ સુધારેલ નવી હયાત ફીક્સ પગારની નિતિ મુજબ પસંદગીથી નિમણુંક પામેલ ઉમેદવારોને જરૂરી શરતો અને બોલીઓ યથાવત રહેશે તથા સરકારશ્રીના વખતો-વખત થતા ફેરફારને આધિન રહેશે.

તા.૧૫/૦૮/૨૦૧૫

સહી/-
મ્યુનિ. કમિશનર